# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

## National Evening News_01-10-2025 at 7.50 pm Wedenesday

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેની સ્થાપનાથી જ દેશભક્તિ અને સેવાનો પર્યાય રહ્યો છે.
2. કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાના વધારાની મંજૂરી આપી.
3. સંરક્ષણ મંત્રીએ જણાવ્યું છે કે સરકાર દ્વારા વસ્તુ અને સેવા કર - GST દરોને તર્કસંગત બનાવવાથી સંરક્ષણ ખરીદી પર સીધી અસર પડશે.
4. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજથી કચ્છના બે દિવસના પ્રવાસે - તેઓ ભૂજના લશ્કરી સ્ટેશન ખાતે આજે મોડી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપશે.
5. ભારતીય ઓપનર અભિષેક શર્માએ ICC મેન્સ T20 બેટ્સમેન રેન્કિંગમાં અત્યાર સુધીની સૌથી વધુ રેટિંગ હાંસલ કરીને ઇતિહાસ રચ્યો.

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PRIME MINISTER – RSS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - RSS તેની સ્થાપનાથી જ દેશભક્તિ અને સેવાનો પર્યાય રહ્યો છે. તેમણે યાદ અપાવી કે

ભાગલાના દુઃખદાયક સમયગાળા દરમિયાન, જ્યારે લાખો પરિવારો વિસ્થાપિત થયા હતા, ત્યારે મર્યાદિત સંસાધનો ધરાવતા સ્વયંસેવકો શરણાર્થીઓની સેવા કરવામાં મોખરે ઉભા હતા.

આજે નવી દિલ્હીમાં RSS ના શતાબ્દી સમારોહને સંબોધતા, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે RSS તેની 100 વર્ષની યાત્રામાં સૌથી મહત્વપૂર્ણ યોગદાન સમાજના વિવિધ વર્ગોમાં આત્મ જાગૃતિ અને ગૌરવ જાગૃત કરવાનું છે.

(બાઇટ-મોદી-નેશન ફર્સ્ટ)

શ્રી મોદીએ કહ્યું કે RSS એ દેશના સૌથી દૂરના અને દુર્ગમ વિસ્તારોમાં , ખાસ કરીને ભારતના લગભગ 100 મિલિયન આદિવાસી ભાઈ-બહેનો માટે, અથાક મહેનત કરી છે. તેમણે કહ્યું કે જ્યારે સરકારો ઘણીવાર આ સમુદાયોને અવગણે છે , ત્યારે RSS એ તેમની સંસ્કૃતિ, તહેવારો, ભાષાઓ અને પરંપરાઓને પ્રાથમિકતા આપી છે.

પ્રધાનમંત્રીએ સમાજને સ્વદેશીના મંત્રને સામૂહિક સંકલ્પ તરીકે અપનાવવા હાકલ કરી. તેમણે દરેકને "વોકલ ફોર લોકલ" અભિયાનને સફળ બનાવવા માટે તેમની સંપૂર્ણ શક્તિ સમર્પિત કરવા વિનંતી કરી.

આ પ્રસંગે , પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાષ્ટ્ર માટે યોગદાનને પ્રકાશિત કરતી ખાસ ડિઝાઇન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડ્યો.

(બાઇટ-મોદી-સિક્કો)

આ પ્રસંગે કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ લોકોમાં રાષ્ટ્ર નિર્માણ અને સાંસ્કૃતિક ચેતનાની ભાવના જાગૃત કરે છે. RSSના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ જણાવ્યું હતું કે RSSનું કાર્ય અને પ્રવૃત્તિઓ દેશના દરેક ખૂણામાં જોઈ શકાય છે.

## PRESIDENT - VIJAYADASHAMI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિજયાદશમીની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી. તેમના સંદેશમાં, તેમણે તમામ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રપતિએ કહ્યું કે આ તહેવાર અધર્મ પર ધર્મના વિજયનું પ્રતીક છે અને લોકોને સત્ય અને ન્યાયના માર્ગ પર ચાલવા પ્રેરણા આપે છે. તેમણે ભાર મૂક્યો કે આ તહેવાર દરેકને ક્રોધ અને અહંકાર જેવી નકારાત્મક વૃત્તિઓનો ત્યાગ કરીને હિંમત અને નિશ્ચય જેવી સકારાત્મક વૃત્તિઓ અપનાવવાનું શીખવે છે.

## PRIME MINISTER - PHILIPPINES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફિલિપાઇન્સમાં ભૂકંપથી થયેલા જાનહાનિ અને વ્યાપક નુકસાન પર શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. પ્રધાનમંત્રીએ ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. તેમણે કહ્યું કે આ મુશ્કેલ સમયમાં ભારત ફિલિપાઇન્સની સાથે પડખે ઉભું છે.

## CABINET DECISIONS-1

કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો અને પેન્શનરો માટે મોંઘવારી રાહતને મંજૂરી આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ જણાવ્યું હતું કે આનાથી આશરે ૪૯ લાખ વીસ હજાર કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૬૮ લાખ ૭૦ હજાર પેન્શનરોને ફાયદો થશે. આ વધારો પહેલી જુલાઈથી અમલમાં આવશે.

કેન્દ્રીય મંત્રીમંડળની આર્થિક બાબતો ની સમિતિએ 5 હજાર 862 કરોડ રૂપિયા થી વધુના ખર્ચે દેશભરમાં 57 નવા કેન્દ્રીય વિદ્યાલય ખોલવાની મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રીમંડળે કઠોળમાં આત્મનિર્ભરતા માટેના મિશનને પણ મંજૂરી આપી છે.

(બાઇટ-અશ્વિની વૈષ્ણવ-કેબીનેટ નિર્ણય)

2026-27 માર્કેટિંગ સીઝન માટે તમામ ફરજિયાત રવિ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો પણ મંજૂર કરવામાં આવ્યો છે.

આસામમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 715 ના હાલના કાલિયાબોર-નુમાલીગઢ વિભાગને ચાર-માર્ગીય બનાવવા અને પહોળો કરવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)]

# RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે સરકાર દ્વારા વસ્તુ અને સેવા કર-GST દરોને તર્કસંગત બનાવવાથી સંરક્ષણ ખરીદી પર સીધી અસર પડશે. તેને એક પ્રગતિશીલ પગલું ગણાવતા તેમણે કહ્યું કે GST દરોમાં ઘટાડો વધુ ખરીદીને સરળ બનાવશે. શ્રી સિંહે આજે નવી દિલ્હીમાં સંરક્ષણ ખાતા વિભાગ દિવસ 2025 ઉજવણીને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે સંરક્ષણ બજેટના રક્ષક તરીકે , એકાઉન્ટ્સ વિભાગ સંશોધન અને વિકાસને સરળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

સંરક્ષણ મંત્રીએ ઓપરેશન સિંદૂર દરમિયાન સશસ્ત્ર દળોની ભૂમિકાની પ્રશંસા કરતા કહ્યું કે સમગ્ર વિશ્વએ ભારતીય સશસ્ત્ર દળોની નિર્ણાયક જીત જોઈ છે.

# RAJNATH SINGH KUTCH VISIT

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજથી કચ્છના બે દિવસના પ્રવાસે છે. શ્રી સિંહ ભૂજના લશ્કરી સ્ટેશન ખાતે આજે મોડી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપશે. આવતીકાલે, દશેરાના પ્રસંગે, સંરક્ષણ પ્રધાન કચ્છ સરહદ પર લક્કીનાલા લશ્કરી ગેરિસન ખાતે સુરક્ષા કવાયતના સાક્ષી બનશે અને શસ્ત્ર પૂજન કરશે. તેઓ જવાનો માટે અનેક નવી સુવિધાઓનું ઉદ્ઘાટન પણ કરશે અને સૈનિકો સાથે વાતચીત કરશે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ શ્રી સિંહની પાંચ મહિનામાં કચ્છની આ બીજી મુલાકાત છે. તેમણે અગાઉ મે મહિનામાં ઓપરેશન સિંદૂર પછી સૈનિકોનું મનોબળ વધારવા માટે ભૂજની મુલાકાત લીધી હતી.

# SEVA PARV

સેવા અને સુશાસનના મંત્રને અનુરૂપ , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર પરિવર્તન અને પ્રગતિ લાવવા માટે અથાક મહેનત કરી રહી છે. આજે, આ ખાસ શ્રેણી - સેવા પર્વમાં , મોદી સરકારે વૈશ્વિક ભાગીદારીને કેવી રીતે મજબૂત બનાવી છે અને ભારતને વિશ્વ મંચ પર એક મજબૂત સ્થાન આપ્યું છે.

(વોઇસ કાસ્ટ-અજય ઇન્દ્રેકર)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ , ભારતનું વૈશ્વિક જોડાણ અભૂતપૂર્વ સ્તરે પહોંચ્યું છે, જે દેશને વૈશ્વિક મંચ પર એક પ્રભાવશાળી શક્તિ તરીકે સ્થાન આપે છે. ગ્લોબલ સાઉથ સાથે ભારતનું જોડાણ બહુધ્રુવીય વિશ્વ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે, જેનાથી વિકાસશીલ દેશોનો અવાજ સંભળાય છે.

(બાઇટ - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

ભારતનો બહુપક્ષીય જોડાણ રાષ્ટ્રીય હિત અને વ્યૂહાત્મક સ્વાયત્તતાના સિદ્ધાંતો પર આધારિત છે. બ્રિક્સ, ક્વાડ અને એસસીઓ જેવા સંગઠનોમાં ભારતની ભાગીદારી

એક સંતુલિત કાર્યનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આંતરરાષ્ટ્રીય પ્રવાસોએ ભારતને વૈશ્વિક નેતા તરીકે સ્થાન આપ્યું છે અને ભાગીદારીને મજબૂત બનાવી છે.

બદલાતી વૈશ્વિક ગતિશીલતા વચ્ચે , પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ , ભારત માત્ર એક ભાગીદાર તરીકે જ નહીં પરંતુ બહુપક્ષીય ભાગીદારીના રક્ષક તરીકે પણ ઉભરી આવ્યું છે. અજય ઇન્દ્રેકર આકાશવાણી સમાચાર, અમદાવાદ.

# GST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર કરાયેલા આગામી પેઢીના વસ્તુ અને સેવાકર GST સુધારાઓ ભારતની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ સુધારાઓ વિવિધ વસ્તુઓ અને સેવાઓ પર કર દર ઘટાડીને નાગરિકોને નોંધપાત્ર રાહત આપે છે. આજે , આપણે હસ્તકલા વસ્તુઓ પર GST ઘટાડા અંગે એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ-કરણ પરમાર)

નવા GST સુધારાઓ હેઠળ , સરકારે કારીગરો , વેપારીઓ અને ગ્રાહકો પર નાણાકીય બોજ ઓછો કરવા માટે હસ્તકલા ક્ષેત્ર પર GST દર ઘટાડ્યો છે. સિરામિક્સ અને માટીકામ ઉપરાંત , રસોડાના વાસણો જેવી રોજિંદા વસ્તુઓ પર હવે 12 ટકાને બદલે 5 ટકા કર લાદવામાં આવે છે , જે ઘરગથ્થુ ખર્ચ ઘટાડશે અને રસોડાની આવશ્યક ચીજવસ્તુઓ વધુ સસ્તી બનાવશે. હસ્તકલા ક્ષેત્રમાં , શિલ્પો, માટીકામ અને સુશોભન ફ્રેમવાળા અરીસાઓ પર GST દર 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે , જેનો સીધો ફાયદો કારીગરો અને પરંપરાગત હસ્તકલા બજારને થશે. મૂર્તિઓ, ફૂલદાની, પૂજાની વસ્તુઓ અને સુશોભનની વસ્તુઓ જેવી કાચની વસ્તુઓ પર હવે 12% ને બદલે ફક્ત 5% GST લાગશે, જેનાથી ભારતના હાથથી બનાવેલા

કાચના વાસણો ગ્રાહકો માટે વધુ સસ્તા બનશે. આદિત્ય પ્રતાપ સિંહ સાથે કરણ પરમાર, આકાશવાણી સમાચાર અમદાવાદ.

## ICC-RANKINGS

ભારતીય ક્રિકેટટીમના ઓપનર અભિષેક શર્માએ ICC મેન્સ T20 બેટ્સમેન રેન્કિંગમાં અત્યાર સુધીની સૌથી વધુ રેટિંગ હાંસલ કરીને ઇતિહાસ રચ્યો છે. એશિયા કપમાં શ્રીલંકા સામે ભારતની જીતમાં અડધી સદી ફટકાર્યા બાદ 931 પોઈન્ટ પર પહોંચી ગયો છે , અભિષેકને 44.85 ની સરેરાશથી 314 રન સાથે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યો હતો.

બોલરોમાં, ભારતના વરુણ ચક્રવર્તીએ પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે , જ્યારે કુલદીપ યાદવ, શાહીન આફ્રિદી અને રિશાદ હુસૈને નોંધપાત્ર સુધારો કર્યો છે.